# ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ

| | | | | |
|---|---|---|---|---|
| www.nau.in | www.aau.in | www.jau.in | www.sdau.edu.in | www.goau.gujarat.gov.in |

## ધોરણ–૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીના કૃષિ સંલગ્ન સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં ઓનલાઇન કેન્દ્રિય પ્રવેશ કાર્યક્રમ : શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૭

ગુજરાત રાજ્યની નવસારી, આણંદ, જૂનાગઢ તથા સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીઓમાં તેમજ ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલમાં ધોરણ-૧૨માં (વિજ્ઞાન પ્રવાહ સાથે) ઉત્તીર્ણ થયેલ તેમજ GUJCET-2026 આપેલ ઉમેદવારો માટે કૃષિ સંલગ્ન સ્નાતક કક્ષાના વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ પાત્રતા ધરાવતા ઉમેદવારો માટે વર્ષ ૨૦૨૬-૨૭ દરમ્યાન પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવવા માટે ઓનલાઇન પ્રવેશ અરજીપત્રક ભરવા માટે વેબસાઇટ ug.gsauca.in પર **તા. ૦૧/૦૬/૨૦૨૬ થી તા.30/૦૬/૨૦૨૬** દરમ્યાન નીચે દર્શાવેલ પ્રોગ્રામ કેટેગરીના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા પ્રોગ્રામ કેટેગરી પ્રમાણે અલગ-અલગ અરજી ફી પેટે રૂા. **300/–** UPI / ક્રેડીટ કાર્ડ / ડેબીટ કાર્ડ / ઓનલાઇન નેટ બેન્કીગ દ્વારા ભર્યા બાદ ઓનલાઇન ફોર્મ ભરી શકાશે તેમજ પ્રવેશ પ્રક્રિયા પણ ઓનલાઇન થશે.

પ્રવેશ અંગેની સંપૂર્ણ વિગતવાર માહિતી ug.gsauca.in પરથી મેળવી શકાશે. સદર કાર્યક્રમની તારીખોમાં ફેરફાર ને અવકાશ હોઇ જે અંગેની અદ્યતન માહિતી ઉપરોકત વેબસાઇટ ઉપરથી મેળવી લેવાની રહેશે, આ અંગેની કોઇપણ જાહેરાત દૈનિક સમાચારપત્રોમાં આપવામાં આવશે નહીં. જેની વાલી/ ઉમેદવારોએ નોંધ લેવા વિનંતી.

| **પ્રોગ્રામ કેટેગરી** | **સંલગ્ન અભ્યાસક્રમો** | **ગૃપ** | **અરજી ફી ની રકમ** |
|---|---|---|---|
| 1 | B.Sc. (Hons.) Agriculture,<br>B.Sc. (Hons.) Horticulture,<br>B.Sc. (Hons.) Forestry,<br>B.Tech. (Biotechnology)<br>B.Sc. (Hons.) Natural Farming | PCB/PCMB (B-Group/ AB-Group) માટે | રૂ. 300/- |
| 2 | B.Tech. (Agril. Engineering),<br>B.Tech.(Food Technology),<br>B.Tech.(Renewable Energy & Environ. Engg.),<br>B.Tech.(Agricultural Information Technology) | PCM/ PCB/ PCMB<br>(A-Group / B-Group/ AB-Group) માટે | રૂ. 300/- |
| 3 | B.Sc. (Hons.) Community Science,<br>B.Sc. (Hons.) Food Nutrition & Dietetics | PCM/ PCB/ PCMB<br>(A-Group / B-Group/ AB-Group) માટે | રૂ. 300/- |

**નોંધ:** **PCM = Physics, Chemistry and Mathematics**
**PCB = Physics, Chemistry and Biology**
**PCMB = Physics, Chemistry, Mathematics and Biology**

**અગત્યની સૂચના :**

(૧) સદર અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ઈચ્છુક દરેક ઉમેદવારે વર્ષ ૨૦૨૬ માં લેવાયેલ GUJCET-2026 પરિક્ષા આપેલ હોવી જરૂરી છે. જેઓ ધોરણ-૧૨માં (વિજ્ઞાન પ્રવાહ)ની બોર્ડ દ્વારા મે/જૂન-૨૦૨૬ માં લેવાનાર બીજી ગુણ સુધારણા પરીક્ષા અથવા પૂરક પરીક્ષા આપનાર છે તેવા લાયક વિદ્યાર્થીઓ હાલમાં માત્ર ફી ચલણ ભરી શકશે અને આવા ઉમેદવારોએ અરજી ફોર્મ પૂરક પરીક્ષા નું પરિણામ જાહેર થયા બાદ અત્રેની વેબસાઇટ પર સૂચના જારી કરવામાં આવશે તે મુજબ નિયત સમયમાં ભરવાનું રહેશે.

(૨) ઉમેદવારોએ ઓનલાઇન ફોર્મ ભરવા માટે જરૂરી ડોક્યુમેન્ટસ/ફોટોગ્રાફ/સહી તમામ વિગતો વાંચી શકાય રીતે સ્કેન કરી PDF ફાઇલ (સોફ્ટ કોપી)માં તૈયાર કરી પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે.

(૩) સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોની માહિતી પુસ્તિકા ઓનલાઇન વેબસાઇટ પરથી ડાઉનલોડ કરી શકાશે. માહિતી પુસ્તિકાનો સંપૂર્ણ અભ્યાસ કર્યા બાદ જ ઓનલાઇન ફોર્મ ભરવુ.

(૪) ઓનલાઇન ફોર્મ ભરાયા બાદ વેરીફીકેશન ઓનલાઇન જ કરવામાં આવશે.

(૫) ફોર્મ વેરીફીકેશન થયા બાદ ઉમેદવારે કોલેજ પસંદગી (ચોઇસ ફીલીંગ) કરવી ફરજીયાત છે. જે ઉમેદવારોએ ચોઇસ ફીલીંગ નહી કરેલ હોય તેઓનું નામ મેરીટ યાદીમાં સમાવેશ થશે નહી.

(૬) ફોર્મ ભરતી વખતે ધ્યાનમાં લેવાની અગત્યની બાબતો તેમજ વખતો વખતની અન્ય વધુ માહિતી મેળવવા માટે વેબસાઇટ ug.gsauca.in અથવા gsauca.in પર સતત જોતા રહેવું. આ ઉપરાંત ઉપરોક્ત તમામ યુનિવર્સિટીઓની વેબસાઇટ પરથી પણ માહિતી મેળવી શકાશે.

**તા. ૨૬/૦૫/૨૦૨૬**

**કુલપતિ અને નોડલ અધિકારીશ્રી (યુજી પ્રવેશ)**
**નવસારી કૃષિ યુનિવર્સિટી,**
**નવસારી**